# ખેતરમાંથી ૧૭.૪૪ લાખનો વિદેશી દારૂનો મસ મોટો જથ્થો ઝડપાયો

## સોજાના ગવારના ખેતરમાં ત્રણ દિવસ પહેલા જથ્થો ઠલવાયો હતો : એકની ધરપકડ : ચાર વોન્ટેડ

કલોલ, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા સોજા ગામની સીમના ગવારના ખેતરમાં વિદેશી દારૂનો મસ મોટો જથ્થો પડયો હોવાની બાતમીને આધારે કલોલ ડીવાયએસપી તથા તાલુકા પીઆઈ સહિતનો સ્ટાફ બાતમીવાળા સ્થળે પહોંચી ગયો હતો અને દરોડો પાડીને ખેતરમાં પડેલો ૪૦૨ પેટી વિદેશી દારૂનો રૂ. ૧૭.૪૪ લાખની કિંમતનો જથ્થો જપ્ત કરી એક બુટલેગરની ધરપકડ કરી લીધી હતી. આ પ્રોહીબીશનના ગુનામાં ચાર બુટલેગરો હજુ વોન્ટેડ છે. દારૂનો આ મોટો જથ્થો ચુંટણી માટે લવાયો હોવાનું દારુની સસ્તી બ્રાન્ડ પરથી જણાઈ રહ્યું છે. કલોલ તાલુકા પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કરી પી.આઈ.એ સઘન તપાસ શરુ કરી છે.

કલોલ ડીવાયએસપી કે.એસ. સવાણી તથા કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટ તેમના સ્ટાફ સાથે બાતમીને આધારે કલોલના સોજા ગામની સીમમાં મધરાતે પહોંચી ગયા હતાં. સોજાના નારાયણ ટયુબવેલ પાસે સ્થિત ગવારના ખેતરમાં રેડ પાડતા તેમાંથી ૪૦૨ પેટી એટલે કે ૪૮૨૪ નંગ વિદેશી દારૂની બોટલનો મસ મોટો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૧૭,૪૩,૬૦૦ની કિંમતનાં મુદ્દામાલ સાથે પોલીસે સોજા ગામના ખેતરમાલિક બકાજી પુંજાજી ઠાકોરની ધરપકડ કરી સઘન પુછપરછ આરંભી છે. આ કેસમાં ચાર બુટલેગરો વોન્ટેડ છે જેમાં ઘેઘુ ગામનો કુલદિપ વિક્રમસિંહ દરબાર, રામાજી ઉદાજી ઠાકોર સોજા ગામનો મહેશ બકાજી ઠાકોર અને અન્ય એક આર.કે. નામના શખ્સનો સમાવેશ થાય છે. કલોલ તાલુકા પોલીસે તમામ વિરૂધ્ધ ગુનો દાખલ કરી રૂ. ૧૭.૪૪ લાખનો દારૂ જપ્ત કરીને પકડાયેલા શખ્સની પૂછપરછ આરંભી છે. પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો ટર્બો વાહનમાં ત્રણ દિવસ પહેલા ખેતરે ઉતાર્યો હોવાનું અને આજે આ દારૂના જથ્થાનું કટીંગ કરવાનો પ્લાન હોવાનું બહાર આવ્યું છે. દારૂનો માલ જોતા ચૂંટણીમાં વહેંચવા માટે જથ્થો લવાયો હોવાનું મનાઈ રહ્યું છે. જો કે તે અંગે સઘન તપાસ પોલીસે શરુ કરી છે.

### દારૂના જથ્થાની ચુંટણીમાં રેલમછેલ માટે હેરાફેરી થવાની હોવાનું અનુમાન

સોજા ગામની સીમમાં ગવારના ખેતરમાંથી ઝડપાયેલો ૪૦૨ પેટી વિદેશી દારૂનો જથ્થો ચુંટણીમાં રેલમછેલ માટે લવાયો હોવાનું જણાઈ આવ્યું છે. દારૂના આ મોટા જથ્થામાં મોટા ભાગની કવોર્ટર બોટલ્સ છે જે વહેંચણી કરવા માટે વધુ વપરાય છે. જેથી આ જથ્થો ચુંટણી માટે આવ્યો હોવાનું કલોલ ડીવાયએસપી કે.એસ. સવાણીએ પ્રાથમિક તપાસ બાદ અનુમાન લગાવીને તે દિશામાં સઘન તપાસ ચલાવવા આદેશ આપ્યા છે.




ગાંધીનગરમાં વિવિધ જગ્યાએ આવેલ ઝૂંપડપટ્ટીઓમાં તંત્ર દ્વારા સાવચેતીના પગલાં રૂપે ફોગીંગ કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



શીલાબેન કનૈયાલાલ શાહ (૧૯૪૮) ફોન: ૨૩૨૨૧૦૦૭

### માણસા તાલુકા વિજ્ઞાન ગણિત પ્રદર્શન વરસોડામાં યોજાશે

ગાંધીગનર, તા. ૧૮

શ્રી સર્વોદય મંડળ સંચાલિત શ્રી અનોપકુંવરબા વિદ્યાલય, સી.જે. શાહ એન્ડ એ.કે. શાહ ઉ.મા. વિદ્યાલય વરસોડા ખાતે વિજ્ઞાન ગણિત પ્રદર્શન - ૨૦૧૨ યોજાયું હતું.

જેમાં તાલુકાની ૩૭ શાળામાંથી ૬૫ કૃતિઓ અલગ અલગ વિભાગમાં રજૂ કરવામાં આવી હતી. કુલ - ૧૩૫ વિદ્યાર્થીઓ અને ૬૫ શિક્ષકો આચાર્યશ્રીઓને પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આચાર્ય શ્રી પ્રદિપસિંહ ચાવડા તથા શાળા પરિવાર સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

### આઈશ્રી મોગલ પ્રાગટ્ય મહોત્સવ ૨૭મીએ ભીમરાણામાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

આઈશ્રી મોગલધામ મંદિર ટ્રસ્ટ ભીમરાણા, તા. દ્વારકા, જિ. ગાંધીનગરમાં આઈશ્રી મોગલ પ્રાગટ્ય મહોત્સવ દેવી મહાયજ્ઞ નૈવેદ્ય. જહા સવાઈ તરવાડો, તા. ૨૭મી ઓકટોબરના રોજ યોજાયેલ છે. પ્રાગ્ટ્ય મહોત્સવ તા. ૨૮મી ઓકટોબરે યોજાયેલ છે.

આઈશ્રી મોગલ માને રીઝવવા માટે ચારણી પ્રથા અનુસાર તરવાડો પહેરાવવાની જૂની પરંપરા છે. જેમાં વિવિધ આભૂષણો અર્પણ કરવામાં આવે છે. તેને તરવાડો કહેવાય છે.

જહા સવાઈ તરવાડો એ વિશિષ્ટ હોય છે. તેનાં તમામ પ્રકારના સોના-ચાંદીના આભૂષણો સાથે શૃંગાર માને અર્પણ કરવામાં આવે છે. તેમ સંસ્થાના ટ્રસ્ટીઓએ જણાવેલ છે.

### આજે સેકટર-૨૨માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૮

તા. ૧૯મી ઑકટોબરના રોજ ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો જૈન દેરાસર પાછળ નવરાત્રી ચોક સેકટર-૨૯માં રાત્રે યોજાશે.

### આઈશ્રી ખોડિયાર મંદિરે ૨૧મીએ મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

સેકટર-૫બી માતાજી મંદિરે આસો સુદ-૭ તા. ૨૧મી ઑકટોબરનાં રોજ આઈ શ્રી કરણી માતાજીના જન્મ દિવસ નિમિત્તે સાંજે સાત વાગે મહાઆરતીનો કાર્યક્રમ યોજેલ છે. મંદિર પરિવાર તરફથી જણાવેલ છે.

### ભાવનગરની શિશુ વિહાર દ્વારા શિક્ષકોનો સામાજિક કાર્યો

ગાંધીનગર, તા. ૧૮

શિક્ષકોના સામાજિક ઉત્તરદાયિત્વ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ તબક્કે શિશુવિહાર સંસ્થા દ્વારા નગરપાલિકાની ૬૪ શાળાઓ ૮૨૯ શિક્ષકોની ભલામણ અનુસાર ૧૬૫૮ બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવેલ છે. ૧૬ બાળકોને વિશેષ સારવાર આપવામાં આવેલ છે. દશેરા દિવાળી પ્રસંગે શિક્ષકોએ પસંદ કરેલ બાળકોના કુટુંબની સૌજન્ય મુલાકાત લેશે.

# રાત્રે ૧૨ વાગ્યે ગરબા બંધ કરાવી દેવાતા વધેલો વિવાદ

## પોલીસ-સામાન્ય પ્રજા વચ્ચે સંખ્યાબંધ ઘર્ષણના કિસ્સા બન્યા : સમય મર્યાદાને લઈ ખેલૈયાઓમાં ભારે નારાજગી

અમદાવાદ,તા.૧૮

છેલ્લા કેટલાક દિવસથી નવરાત્રિ દરમિયાન ૧૨ વાગ્યાની સમયમર્યાદા સંબંધે વિવાદ ચાલરહ્યો હતો. તેમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ડીવીઝન બેન્ચે તા.૧૬-૧૦-૨૦૧૨ના રોજ ઐતિહાસિક ચુકાદો આપીને રાત્રિના ૧૨ વાગ્યે લાઉડ સ્પીકર બંધ કરવાની સર્વોચ્ચ અદાલતની ગાઈડ લાઈન્સનું કડક અમલીકરણ કરવા રાજ્યભરમાં ક્વાયત શરૂ થઈ ગઈ છે.

પોલીસે હવે રાત્રે ૧૨ પછી લાઉડ સ્પીકર અને ગરબા બંધ જ કરવી દે છે જેના કારણે લોકોમાં રોષની લાગણની ફેલાઈ છે. રાત્રે ૧૨ વાગ્યે ગરબા બંધ કરાવવા ગયેલી પોલીસ અને સામાન્ય પ્રજા વચ્ચે ગઈ કાલે શહેરના જુદા જુદા વિસ્તારમાં ઘર્ષણના કિસ્સા બન્યા હતા. પરંતુ પોલીસે કાયદાનું કડક પણે પાલન કરાવતા લોકો ગરબાની રમઝટ માણી શકયા ન હતા. લોકોએ પોલીસને જણાવ્યું હતુ કે, ગરબા આખાય વિશ્વમાં ગુજરાતનું ગૌરવ માનવામાં આવે છે ત્યારે નવલી નવરાત્રી ફક્ત નવ દિવસ જ હોય છે એમાય આ વર્ષે તો ફક્ત આઠ જ નોરતા છે ત્યારે રાત્રે ૨ વાગ્યા સુધી તો ગરબા રમવાની પરવાનગી આપવી જોઈએ. આવી પરવાનગી આખાય વર્ષ માટે નહીં ફકત નવ દિવસ માટે હોવી જોઈએ.

પહેલા નોરતે તો ગરબા સમયસર પતી ગયા હતા પરંતુ ગઈ કાલથી ગરબાની રંગત જામતા લોકોએ ૧૨ વાગ્યા પછી પણ લાઉડ સ્પિકર ચાલુ રાખ્યા હતા. જેના કારણે પોલીસ આવીને ગરબા બંધ કરાવી ગઈ હતી. જેથી શહેરાના સંખ્યાબંધ વિસ્તારમાં પોલીસ-પ્રજા વચ્ચે ઘર્ષણના કિસ્સા બન્યા હતા.

### નવલી નવરાત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં પરંપરાગત ગરબાઓનું ચલણ વધ્યુ છે. માતાજીની ભક્તિ અને તેના ગુણગાન ગાતા પરંપરાગત ગરબાઓને નવા ઢાળમાં પ્રસ્તુત કરી ગાયકો વાહવાહ મેળવી રહ્યા છે. ગાંધીનગરમાં રહેતા પરપ્રાંતિયો પણ ગરબાની રોનક જોવા ગરબા ગ્રાઉન્ડમાં ઉમટે છે અને ગરબા રમવાની મજા પણ માણે છે. ગરબા ગાનાર ખેલૈયાઓ અને જોવા આવનારાઓની ભીડ ખુબ જામે છે. સામાન્ય દિવસોમાં રાત્રે નવ-દસ વાગ્યે બંધ થઈ જતાં રેસ્ટોરન્ટ, આઈસક્રીમ પાર્લરો અને ખાણીપીણીના સ્ટોલ્સ નવરાત્રી કારણે મોડી રાત સુધી ધમધમે છે. ઘણી હોટલો અને રેસ્ટોરન્ટોમાં તો મીડનાઈટ બુફે ડીલરનું આયોજન પણ ખાસ નવરાત્રીને ધ્યાને રાખી કરવામાં આવ્યું છે.

# ગુજરાતમાં શાસન પરિવર્તનની જરૂર છે : જી.આર. ખૈરનાર

અમદાવાદ, તા.૧૮


સમાજ જાગૃતિ મંચ દ્વારા ગુજરાતમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર વિરૂધ્ધ કેવી રીતે લડી શકાય તે અંગે માર્ગદર્શન મેળવવા મુંબઈના પૂર્વ કમિશનર શ્રી જી.આર. ખૈરનાર સાથે સમાજના બુધ્ધિજીવીઓની બેઠક તા. ૧૮-૧૦-૨૦૧૨ના રોજ રાખવામાં આવી હતી. તેમાં પી.યુ.સી.એલ.ના જનરલ સેક્રેટરી ગૌતમભાઈ ઠાકરે જણાવ્યું કે ગુજરાતમાં હાલ વહીવટ બરાબર ચાલતો નથી. ખૈરનાર સાહેબને જે એન.જી.ઓ. કે સામાજિક સંસ્થા બોલાવશે તેમને ત્યાં જશે. રાજયમાં ચાલતા ગેરવહીવટ અને ગુજરાતની પ્રવર્તમાન સ્થિતિ પર માર્ગદર્શન આપી લોકજાગૃતિનું કામ કરશે.

આ બેઠકમાં શ્રી ખૈરનારે જણાવ્યું હતું કે કમિશનર તરીકે મેં ૨૦ વર્ષ કામ કર્યુ છે. માફિયા-રાજકારણીઓના મલ્ટી સ્ટોર બિલ્ડીંગ મુબઈ કોર્પોરેશનમાં રહી તોડાવ્યા છે. મુંબઈમાં દાઉદની બિલ્ડીંગ તોડી રાજકીય અનેક અડચણોનો સામનો કરવો પડયો હતો. મહારાષ્ટ્ર રાજયના મુખ્યમંત્રી શરદ પવાર વિરૂધ્ધ બોલ્યો હતો. મંત્રીના છોકરાની હોટલ તોડાવી. મારા કામો બંધ કરાવવા મને પૈસાની ઓફર થઈ, મારી ઉપર હુમલા પણ થયા છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસના રાજ વખતે મને સસ્પેન્ડ કરવામાં આવ્યો, હું હાઈકોર્ટમાં જઈને લડયો, મને આર.એસ.એસ.દ્વારા ભાજપ, શિવસેનાનો સપોર્ટ મળ્યો. પરંતુ ભાજપ શિવસેનાની સરકાર આવતા મને ડીસમીસ કરી દેવામાં આવ્યો કે જેથી હું તેમને નડું નહિ.

આજે ગુજરાતમાં કુશાસનની સ્થિતિ છે. પ્રગતિ બિલકુલ થઈ નથી અને વિકાસનો ખોટો હાઉ ઉભો કરવામાં આવ્યો જેથી હું બહુ દુઃખી છું. ગાંધીના ગુજરાતમાં સારા પ્રાંતની છાપ જે ભુંસાઈ રહી છે. આખા દેશની સ્થિતિ ખરાબ છે. પરંતુ ગુજરાતની સ્થિતિ સૌથી વધારે ખરાબ છે. ઓરિસ્સા, બિહાર કરતા પણ ગુજરાતનો વિકાસ ગ્રોથ નીચો છે. ગુજરાતમાં શાસન બદલવાની જરુર છે.

ગુજરાતમાં ચાલી રહેલા કુશાસન વિરૂધ્ધ શું કરવું જોઈએ તેનો જવાબ આપતા શ્રી ખૈરનારે જણાવ્યું હતું કે ગુજરાત માટે શું કરવું જોઈએ તે વિચારી રહ્યો છું. લોકજાગૃતિનું કામ પહેલા કરવું પડશે. એ માટે કોઈ સામાજિક સંસ્થા કે એનજીઓ બોલાવશે તેને હું મદદ કરીશ હું કોઈ પક્ષ કે પાર્ટી સાથે જોડાવા માંગતો નથી. ગુજરાતમાં કુશાસન, ભ્રષ્ટાચાર વિરૂધ્ધ લડવા આવેલા શ્રી ખૈરનારને સમાજજાગૃતિ મંચના સભ્યોએ આવકાર્યા હતા. ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિરૂધ્ધની લડતમાં સાથ આપવા સંમતિ દર્શાવી હતી.

## શબ્દાવલી - ૪૮૭૫



**આડી ચાવી**

૧. જેના વડે કોષો અભિરંજીત થઈને વધુ સ્પષ્ટ દેખાય તેવુ યંત્ર (૫)
૪. જેલ, કારાવાસ (૨)
૬. ... સેવા એજ પ્રભુ સેવા (૨)
૭. કડીયા કામ કરનાર મજૂર (૩)
૮. એક રાશિનું નામ (૨)
૧૦. હાથી (૨)
૧૧. છ ખૂણાવાળી આકૃતિ (૪)
૧૫. ઉત્તમ, શ્રેષ્ઠ (૩)
૧૬. એક વસ્ત્ર, જાકીટ (૩)
૧૭. ચડસાચડસી, શાસ્ત્રાર્થ (૨)
૧૮. ઘુંઘટ, બુરખામાં મોં ઢાંકવા વસ્ત્ર રખાય તે (૩)
૨૧. વજનીયાં, માપના કાટલા (૨)
૨૨. કંકાશ, કલેશ, કજીયો (૪)
૨૩. વાવ (૩)

**ઊભી ચાવી**

૧. એકીટસે જોયા કરવું (૪)
૨. દુઃખ, પીડા (૨)
૩. રાષ્ટ્રીય ગીત... કહેવાય (૬)
૪. પહેરણ, ઉપવસ્ત્ર (૩)
૫. અનુકંપા, કૃપા (૨)
૯. છ પગવાળું, ભમરી-ભમરો (૪)
૧૨. કિનાર, ધાર (૨)
૧૩. બૂતાન અને તેને બીડવા માટેનું નાકુ (૫)
૧૪. બીજાને વશમાં કરવાની વિદ્યા (૫)
૧૭. વાંચનાર વ્યક્તિઓ (૩)
૧૯. મક્કામાં આવેલ મુસ્લિમોનું યાત્રાસ્થાન (૨)
૨૦. સ્વાદમાં મીઠા વગરનાં કે તીખાશ વગરનાં હોય તેવા (૨)

### શબ્દાવલી ૪૮૭૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) હાર્મોનિયમ (૪) કૃપા (૬) રૉફ (૮) મકોડો (૧૦) ડરામણું (૧૧) વાલ (૧૨) કોદાળી (૧૩) લીસો (૧૪) મર (૧૬) કળ (૧૭) વિભૂતિ (૧૯) મામલતા (૨૧) પગ (૨૨) રાવલ (૨૩) ગદર્ભ

**ઊભી ચાવી :-** (૨) હાલીમવાલી (૨) નિભાડો (૩) મરોડદાર (૫) પારણુ (૭) ફરાળી (૯) કોલસો (૧૨) કોમળતા (૧૫) ગતિ (૧૬) કેમલ (૧૭) વિપદ (૧૮) ભુગર્ભ (૧૯) મારા (૨૦) લવ

### જ્ઞાતિનું પ્રભુત્વ... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યમાં કેટલાક અપવાદરૂપ કિસ્સામાં જ્ઞાતિ નહીં પણ ઉમેદવારની લાયકાત, લોકપ્રિયતા, પ્રામાણિકતા અને તેની સાલસતા કામે લાગે છે. ડો.જીવરાજ મહેતા થી લઈને નરેન્દ્ર મોદી સુધીના અત્યાર સુધીના ૧૪ મુખ્યમંત્રી ગુજરાતમાં આવ્યા છે પરંતુ તેમની સત્તાના બેકગ્રાઉન્ડ ઉપર નજર કરીએ તો ચૂંટણી જીતવામાં જ્ઞાતિવાદી કાર્ડ મહત્વનું સાબિત થયું છે.

ચૂંટણીમાં ઉમેદવારને જીતાડવા જ નહીં, મંત્રીમંડળની રચનામાં જ્ઞાતિનો તાલમેલ રાખવો પડ્યો છે. એક તબક્કે જિલ્લાને પ્રતિનિધિત્વ નથી મળ્યું પણ જ્ઞાતિનું પ્રભુત્વ વધારવા પાર્ટીમાં હોદ્દા અને મંત્રીપદ મળ્યાના અસંખ્ય દાખલા છે.

ગુજરાતમાં ૨૦૧૨ની ચૂંટણી માટે ૩.૭૮ કરોડ મતદારો છે જે પૈકી ત્રણ કરોડ જેટલા મતદારો તો છ જ્ઞાતિઓમાંથી આવે છે. ટીકીટ આપવા વિવિધ સમાજની અસંખ્ય રજૂઆતો ભાજપ અને કોંગ્રેસને મળી છે જેમાં સૌથી તેજ અને ઝડપી રજૂઆત કોળી સમાજ તરફથી કરવામાં આવી છે. બન્ને પાર્ટીમાંથી પ્રાપ્ત થયેલા આંકડા પ્રમાણે જોઈએ તો પાટીદાર સમાજે ૪૦ થી વધુ બેઠકો માગી છે. કોળી સમાજે ૨૨, ઠાકોર સમાજે ૪૫, માલધારી સમાજે ૧૦, મુસ્લિમ સમજો ૧૨ અને આદિવાસી સમાજે ૨૯ બેઠકોની માગણી કરી છે. એ ઉપરાંત સિંધી, લોહાણા, ચૌધરી અને ક્ષત્રિય સમાજની માગણીઓ ઉભી છે. પહેલીવાર બ્રાહ્મણ સમાજે બન્ને પાર્ટીઓ પાસે ૧૫ બેઠકોની માગણી કરી છે. પાર્ટીઓ જો જ્ઞાતિને ન્યાય આપવા જાય છે તો જિલ્લાના પ્રતિનિધિત્વને જાળવી શકતી નથી.

### રાજ્યમાં જ્ઞાતિ અને મતદારો

| જ્ઞાતિ | મતદારો | સંખ્યા (લાખ) |
|---|---|---|
| પાટીદાર | ૬૯.૫૫ | ૧૮.૪૦ |
| બ્રાહ્મણ-જૈન | ૪૭.૬૨ | ૧૨.૦૬ |
| એસસી | ૩૦.૬૯ | ૦૮.૧૨ |
| એસટી | ૫૧.૭૧ | ૧૩.૬૮ |
| ઓબીસી | ૧૨૮.૦૬ | ૩૩.૮૮ |
| મુસ્લિમ | ૪૧.૨૦ | ૧૦.૦૯ |
| અન્ય | ૧૪.૨૧ | ૦૩.૭૬ |

(ઓબીસીમાં સૌથી મોટી વસતી કોળી પટેલ અને ઠાકોરની છે. ઓબીસી ત્રણ ભાગમાં છે : ક્ષત્રિય ઓબીસી ૧૭.૦૩ ટકા, કોળી ઓબીસી ૫.૮૭ ટકા અને અન્ય ઓબીસી ૧૦.૯૮ ટકા)

### સાત સીએમએ બ્રાહ્મણ-વણિક સમાજનું પ્રતિનિધિત્વ કર્યું છે

૧૯૬૦થી ગુજરાતના મુખ્યમંત્રીનો ઈતિહાસ જોઈએ તો સૌથી વધુ શાસન બ્રાહ્મણ-વણિક મુખ્યમંત્રીએ કર્યું છે. બાવન વર્ષના ગુજરાતમાં સાત મુખ્યમંત્રી બ્રાહ્મણ-વણિક આવ્યા છે.

ગુજરાતમાં ત્રણ પટેલ મુખ્યમંતી અને ત્રણ ઓબીસી જ્ઞાતિનું પ્રભુત્વ કરવા મુખ્યમંત્રી આવ્યા છે, જ્યારે એક મુખ્યમંત્રી ક્ષત્રિય કુળના છે. છેલ્લા ૧૧ વર્ષથી મુખ્યમંત્રીનું પદ બક્ષીપંચનું પ્રતિનિધિત્વ કરે છે.

### ડ્રેનેજ પ્રોજેક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ડ્રેનેજ પ્રોજેકટની કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા પાઈપલાઈન નાંખવાની કામગીરી પણ તેજ બનાવી દેવાઈ છે. ગુડા વિસ્તારમાં હાલની સ્થિતિએ ગટરલાઈનની સુવિધાના અભાવે ખાળકૂવા ઉભરાતા હોવાની વ્યાપક ફરિયાદો ઉદભવે છે. જયારે આગામી જૂન મહિના સુધીમાં પ્રોજેકટની કામગીરી પૂર્ણ કરી દેવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. ગુડા દ્વારા માળખાગત સુવિધાના કામો ઉપરાંત ટી.પી. વિસ્તારમાં ઉદ્યાનો અને વેજીટેબલ માર્કેટ બનાવવાનું કામ પણ હાથ ધરાયું છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન